# ગુજરાત યુનિવર્સિટી

## યુનિવર્સિટી કોર્ટ મતદાર વિભાગની એક્ઝિક્યુટિવ કાઉન્સિલ ઉપરની ચૂંટણીઓ અંગેની નોટિસ

૧. આથી ગુજરાત યુનિવર્સિટી કોર્ટના સભાસદોને જણાવવાનું કે, ગુજરાત યુનિવર્સિટી ધારાની કલમ ૧૯ની પેટાકલમ (૧)ની કંડિકાઓ (*v*), (*vi*), (*vii*), (*viii*), (*ix*) અને (*xii*)માં દર્શાવેલ જોગવાઈ પ્રમાણે એક્ઝિક્યુટિવ કાઉન્સિલના સભ્યોની ચૂંટણી તા. ૩-૭-૨૦૧૬ના રોજ યુનિવર્સિટી કાર્યાલય ખાતે યોજવામાં આવી છે. તેનાં ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ તથા સમય ઈત્યાદિની માહિતી નીચે પ્રમાણે છે :

| ક્રમાંક | ઉમેદવારી નોંધાવાની પાત્રતા અંગેની વિગતો | જગ્યા | યુનિવર્સિટી ધારામાં જોગવાઈ કરતી કલમનો ક્રમાંક | સ્ટે. ૧૬૧ અનુસાર ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખ અને સમય | સ્ટે. ૧૫૦ અનુસાર ઉમેદવારીપત્રોની ચકાસણીનો સમય | સ્ટે. ૧૫૦ અનુસાર ઉમેદવારી પાછી ખેંચવાની મુદત |
|---|---|---|---|---|---|---|
| ૧. | શિક્ષકો ન હોય તેવા યુનિવર્સિટી કોર્ટના સભ્યો | ત્રણ | ૧૯(૧) (*v*) | સ્ટે. ૧૬૧માં દર્શાવેલી જોગવાઈ મુજબ ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા નવ દિવસ પહેલાં તથા સાંજના ૪-૦૦ વાગ્યા સુધીમાં એટલે કે **તા. ૨૩-૬-૨૦૧૬ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યા સુધીમાં** | સ્ટે. ૧૬૧માં દર્શાવેલી જોગવાઈ મુજબ ઉમેદવારીપત્રો સ્વીકારવાની છેલ્લી તારીખના ચોવીસ કલાક પછી, એટલે કે **તા. ૨૪-૬-૨૦૧૬ના રોજ સાંજના ૪-૩૦ વાગ્યા સુધીમાં** | સ્ટે. ૧૫૦ અનુસાર મોડામાં મોડું ઉમેદવારીપત્રોની ચકાસણી પછીના ચોવીસ કલાક સુધીમાં, એટલે કે **તા. ૨૫-૬-૨૦૧૬ના રોજ સાંજે ૪-૩૦ વાગ્યા સુધીમાં** |
| ૨. | યુનિવર્સિટીના વિદ્યાભવનોના પ્રાધ્યાપકો (Professors) હોય તેવા કોર્ટના સભ્યો | બે | ૧૯(૧) (*vi*) | | | |
| ૩. | સંલગ્ન કૉલેજોના આચાર્યો હોય તેવા કોર્ટના સભ્યો | ત્રણ | ૧૯(૧) (*vii*) | | | |
| ૪. | યુનિવર્સિટીના પ્રાધ્યાપકો સિવાયના યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો | એક | ૧૯(૧) (*viii*) | | | |
| ૫. | સંલગ્ન કૉલેજોના આચાર્યો સિવાયના તેના શિક્ષકો હોય તેવા કોર્ટના સભ્યો | ત્રણ | ૧૯(૧) (*ix*) | | | |
| ૬. | સંલગ્ન કૉલેજોના સંચાલક મંડળના પ્રતિનિધિઓ હોય તેવા કોર્ટના સભ્યો | એક | ૧૯(૧) (*xii*) | | | |

**ચૂંટણીની તારીખ અને મતદાન સમય : તા. ૩-૭-૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૪૫ થી ૩-૦૦ વાગ્યા સુધી**

૨. સ્ટે. ૧૪૯ મુજબ ઉમેદવારીપત્ર નિયત કરેલા પત્રકમાં હોવું જોઈશે અને તેમાં બે મતદારોની સહીઓ અને તારીખ નાખેલી હોવી જોઈશે, તેમ જ આ પ્રમાણે સહીઓ કરનારાઓનાં તથા ઉમેદવારોનાં નામ, સરનામાં અને હોદ્દા (જો હોય તો) જણાવેલાં હોવાં જોઈશે. તે ઉપરાંત ઉમેદવારે ઉમેદવારીપત્ર ઉપર સહી કરીને તથા તારીખ નાખીને પોતાની સંમતિ દર્શાવેલ હોવી જોઈશે. કુલપતિશ્રીએ યુનિવર્સિટી કાર્યાલયમાં ઉમેદવારીપત્ર પહોંચાડવાનો જે છેલ્લો દિવસ અને સમય નક્કી કરેલો છે તે પહેલાં કે તે દિવસે એટલે કે તા. ૨૩-૬-૨૦૧૬ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યા સુધી કુલસચિવશ્રીને ઉમેદવારીપત્રો માત્ર રૂબરૂમાં જ પહોંચવાં આવશ્યક છે.

૩. ઉમેદવારીપત્રની નકલ કુલસચિવશ્રીને વિનંતી કરવાથી આપવામાં આવશે.

(પાછળ જુઓ.

૪. ઉમેદવારીપત્રોની ચકાસણી કરવા માટે કુલપતિશ્રીએ તા. ૨૪-૬-૨૦૧૬ના રોજ સાંજે ૪-૩૦ કલાકનો સમય નક્કી કરેલ છે. મજકૂર ચકાસણી યુનિવર્સિટી કાર્યાલયમાં થશે અને તે સમયે ઉમેદવારો પોતે અગર ઉમેદવારોએ જેમને આ માટે લેખિત અધિકાર આપ્યો હોય તેવા તેમના પ્રત્યેકના એક-એક પ્રતિનિધિ હાજર રહી શકશે. ઉમેદવારીપત્રોની ચકાસણીના સમય અને તારીખ પછીના ચોવીસ કલાકની અંદર એટલે કે **તા. ૨૫-૬-૨૦૧૬ના રોજ સાંજના ૪-૩૦ કલાક સુધીમાં** કોઈ પણ સમયે ઉમેદવાર પોતાની સહીથી લેખિત અરજી કરીને અને સ્ટે. ૧૫૦માં જણાવેલી રીતે સહી-સાક્ષી કરીને કુલસચિવશ્રીને મળે એવી રીતે પત્ર લખીને પોતાનું ઉમેદવારીપત્ર માત્ર રૂબરૂમાં આવીને જ પાછું ખેંચી શકશે.

૫. ઉપર જણાવેલ ચૂંટણી પૈકી જો ચૂંટણીમાં હરીફાઈ થશે તેમાં સ્ટે. ૧૬૧માં કરેલી જોગવાઈ અનુસાર ચૂંટણીની તારીખથી ઓછામાં ઓછા પાંચ દિવસ પહેલાં, એટલે કે **તા. ૨૭-૬-૨૦૧૬ સુધીમાં**, મતદારોને તે ચૂંટણીમાં ઊભા રહેવાને પાત્ર નીવડેલા ઉમેદવારોની યાદી મોકલવામાં આવશે.

૬. સ્ટે. ૧૬૧(બી) અનુસાર યુનિવર્સિટીનાં વિદ્યાભવનોના બે પ્રાધ્યાપકો એવી રીતે ચૂંટવાના રહેશે કે જેથી કોઈ પણ એક વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા પ્રાધ્યાપકની સંખ્યા એકથી વધવા પામે નહીં.

૭. સ્ટે. ૧૬૧(સી) અનુસાર સંલગ્ન કૉલેજોના ત્રણ આચાર્યો એવી રીતે ચૂંટવાના રહેશે કે જેથી કોઈ પણ એક વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા આચાર્યની સંખ્યા એકથી વધવા પામે નહીં.

૮. સ્ટે. ૧૬૧(ઈ) અનુસાર સંલગ્ન કૉલેજોના આચાર્યો સિવાયના તેના ત્રણ શિક્ષકો એવી રીતે ચૂંટવાના રહેશે કે જેથી કોઈ એક વિદ્યાશાખામાંથી ચૂંટાયેલા શિક્ષકની સંખ્યા એકથી વધવા પામે નહીં.

૯. ઉપરની ચૂંટણીઓ "Proportional representation by means of a single transferable vote by ballot" (એકડા, બગડા ઈત્યાદિ)ની પધ્ધતિથી **તા. ૦૩-૭-૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૪૫ વાગ્યે** યુનિવર્સિટી કાર્યાલયમાં યોજવામાં આવશે અને તે અંગેની સૂચનાઓ મતદાનપત્રમાં જણાવવામાં આવશે. મતદાનપેટી **તા. ૩-૭-૨૦૧૬ના રોજ બપોરના ૧૨-૪૫ કલાકથી બપોરના ૩-૦૦ કલાક** સુધી ખુલ્લી રાખવામાં આવશે. આ સમય પછી આવનાર મતદારને મતપત્ર મળી શકશે નહીં.

નં. ઍકૅડેમિક /6332/૨૦૧૬
ગુજરાત યુનિવર્સિટી કાર્યાલય,
નવરંગપુરા, અમદાવાદ-૩૮૦ ૦૦૯.
તા. 15 -૦૬-૨૦૧૬

હુકમથી

કા. કુલસચિવ

પ્રતિ,
(૧) યુનિવર્સિટી કોર્ટના સર્વ સભાસદોશ્રી
(૨) યુનિવર્સિટી કાર્યાલયના પ્રત્યેક વિભાગના વડા
(૩) કુલપતિશ્રીના અંગત સચિવશ્રી
(૪) કુલસચિવશ્રીના અંગત મદદનીશશ્રી.